અમ તિમિરે તવ તેજ જગવજે, અમ રુધિરે તવ રવ પેટવજે, અમ અંતરમાં તવ પદ ધરજે

**રાજ્યમાં વધુ ૧૪૩૪૦ નવા કેસ : ગાંધીનગરમાં ૨૮૩ : અમદાવાદમાં ૫૬૭૯**

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪૬ | ૨૭ એપ્રિલ, ૨૦૨૧, મંગળવાર; ચૈત્ર સુદ - ૧૫ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હી બાદ કર્ણાટકમાં ૧૪ દિવસનું લોકડાઉન

## કોરોનાના સંક્રમણની ચેઈન બ્રેક કરવા કડક પગલાં : ત્રણ કલાક સુધી ચાલેલી કેબિનેટ મિટિંગ બાદ રાજ્યના મુખ્યમંત્રીએ રાજ્યમાં સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી

બેંગલુરુ , તા. ૨૬

દિલ્હી બાદ વધુ એક રાજ્યએ સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. કોરોનાથી સૌથી પ્રભાવી રાજ્યોમાંના એક કર્ણાટકમાં આવતીકાલે સાંજે છ વાગ્યાથી ૧૪ દિવસનું જડબેસલાક લોકડાઉન લાગુ પડી જશે. કોરોનાના સતત વધતા કેસો વચ્ચે ચેઈનને બ્રેક કરવા માટે સરકારે આ નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, પીએમ મોદીએ તાજેતરમાં જ રાજ્યોને લોકડાઉનને અંતિમ વિકલ્પ તરીકે અજમાવવા સલાહ આપી હતી.

આજે ત્રણ કલાક સુધી ચાલેલી કેબિનેટ મિટિંગ બાદ રાજ્યના સીએમ યેદિયુરપ્પાએ રાજ્યમાં સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે એક્સપર્ટ્સ કમિટિ સાથે સલાહ-મસલત કર્યા બાદ રાજ્ય સરકારે લોકડાઉનનો નિર્ણય લીધો છે. દિલ્હીમાં લોકડાઉનની જાહેરાત થતાં જ દારુની દુકાનો પર લાંબી લાઈનો લગાવી હતી. જોકે, કર્ણાટકમાં આવી સ્થિતિ ના સર્જાય તે માટે સરકારે દારુની હોમ ડિલિવરી માટે છૂટ આપી છે. સરકારે ૧લી મેથી ૧૮ વર્ષથી વધુ વય ધરાવતા તમામ નાગરિકોને ફ્રીમાં વેક્સિન આપવાની પણ જાહેરાત કરી છે.

કર્ણાટકમાં લોકડાઉન દરમિયાન જીવનજરુરિયાતની ચીજવસ્તુઓની દુકાનો પણ સવારે છથી ૧૦ વાગ્યા સુધી જ ખૂલ્લી રહેશે. સીએમ બી.એસ. યેદિયુરપ્પાના જણાવ્યા અનુસાર, લોકડાઉન દરમિયાન કૃષિ તેમજ મેન્યુફેક્ચરિંગ સેક્ટર ચાલુ રાખી શકાશે. સરકારે રાજ્યના ચૂંટણીપંચને આગામી સમયમાં આવી રહેલી પેટાચૂંટણીને ત્રણ મહિના પાછી ઠેલવા પણ વિનંતી કરી છે.

લોકડાઉન દરમિયાન રાજ્યની અંદર કે રાજ્યની બહાર ઈમરજન્સી સિવાય પ્રવાસ કરવા પર સખ્ત નિયંત્રણ મૂકાયા છે. ઉલ્લેખનીય છે કે, કર્ણાટકમાં ગઈકાલે ૩૪,૮૦૪ નવા કેસો નોંધાયા હતા, જ્યારે ૧૪૩ના કોરોનાથી મોત થયા હતા. રાજ્યમાં અત્યારસુધી ૧૩.૩૯ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. કર્ણાટકમાં કોરોનાથી અત્યારસુધી ૧૪,૪૨૬ લોકોના મોત થયા છે. કર્ણાટકના પાટનગર અને સૌથી મોટા શહેર બેંગલુરુની હાલત સૌથી ખરાબ છે. રવિવારે બેંગલુરુમાં જ ૨૦ હજાર નવા કેસ નોંધાયા હતા, જે દિલ્હી બાદ બીજા ક્રમે આવે છે. અત્યારસુધી એક જ દિવસમાં બેંગલુરુમાં નોંધાયેલા આ સૌથી વધુ કેસ છે. વળી, કર્ણાટકનો પોઝિટિવિટી રેટ પણ ૨૦ટકા જેટલો ઉંચો છે. મતલબ કે દર પાંચમાંથી એક સેમ્પલ પોઝિટિવ આવી રહ્યું છે.

## હવે, નૌસેનાની ઓક્સિજન એક્સપ્રેસ શરૂ

### ૩૫ જેટલા ઓક્સિજન સિલિન્ડરની સાથે રેપિડ એન્ટીજન કિટ, પીપીઈ કિટ, માસ્ક, બીજા ઉપકરણો પણ પહોંચાડ્યા

નવી દિલ્હી, તા. ૨૬

કોરોના મહામારી વચ્ચે રેલવે બાદ ભારતીય નૌસેનાએ ઓક્સિજન એક્સપ્રેસ શરુ કરી છે.આ અભિયાન પાછળનો ઈરાદો દરિયા કિનારાના એવા વિસ્તારોમાં ઓક્સિજન પહોંચાડવાનો છે જ્યાં સામાન્ય રીતે ઓક્સિજન પહોંચાડવો મુશ્કેલ હોય છે. નૌસેના પોતાના જહાજ થકી હવે કોચિથી લઈને લક્ષ્યદ્વિપ સુધી ઓક્સિજન સિલિન્ડર તેમજ બીજો મેડિકલ સપ્લાય પહોંચાડી રહી છે.આ માટે નેવીએ પોતાનુ પેટ્રોલિંગ જહાજ આઈએનએસ શારદા તૈનાત કર્યુ છે.જેણે ૩૫ જેટલા ઓક્સિજન સિલિન્ડર સાથે રેપિડ એન્ટીજન ટેસ્ટ કિટ, પીપીઈ કિટ, માસ્ક અને બીજા ઉપકરણો પણ ક્વારત્તી ટાપુ પર પહોંચાડ્યા છે.

એ પછી તે બીજા ટાપુ પર જવા રવાના થયુ હતુ.આ સિવાય ૪૧ ખાલી ઓક્સિજન સિલિન્ડરને નેવી તરફથી હાયર કરાયેલા બીજા જહાજ પર લાદવામાં આવ્યા હતા.આ સિલિન્ડર કોચીથી ભરીને જહાજ ફરી લક્ષદ્વિપ ટાપુ પર પહોંચશે.

આ સિવાય નૌસેનાના સધર્ન કમાન્ડે પોતાના અન્ય એક જહાજ સંજીવની પર ૧૦ બેડ રિઝર્વ કર્યા છે.જેનો ઉદ્દેશ જરુર પડે તો લક્ષ્યદ્વિપ ટાપુ પરના દર્દીઓને ભરતી કરવાનુ છે.



**નાસે રોગ હરે સબ પીરા જયત નિરંતર હનુમંત વીરા**
**જય જય જય હનુમાન ગોંસાઈ કૃપા કરો ગુરુ દેવ કી નાયી**

**હે કષ્ટભંજન...**

**આજે સમગ્ર માનવજાત મહામારીની પીડાથી થથરે છે... મોતના ચિત્કાર વચ્ચે જીવનની ક્ષણ ક્ષણ કષ્ટજનક બની રહી છે ત્યારે આપ પીડાહારક કૃપા કરો. સૌના કષ્ટ દુર કરી ભયનો ઓછાયો હટાવવા કરબદ્ધ પ્રાર્થના કરીએ છીએ... કૃપા કરો... કૃપા કરો... કૃપા કરો... સ્વજનોને બચાવો, સંવેદનાને બચાવો અને ફરી મંગલભવન અમંગલહારી ગાન કરવા પ્રેરિત કરો. મારૂતિનંદન આપ જાગતા દેવ છો. ફરી જીવનને ધબકતા કરો એવી પ્રાર્થના...**

# દેશમાં કોરાનો કહેર, નવા ૩.૫૨ લાખથી વધુ કેસ

## કોરોનાએ ભારતને હચમચાવી દીધું : ભારતમાં વિક્રમી ગતિએ કોરોના વાયરસના સંક્રમણના કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, એક દિવસમાં ૨૮૧૨ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા

નવી દિલ્હી,તા.૨૬

ભારતમાં કોરોના વાયરસનો પ્રકોપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. નવા કેસમાં રેકોર્ડબ્રેક વધારો થઈ રહ્યો છે. આ બધા વચ્ચે ભારતમાં આજે જે દૈનિક કેસ નોંધાયા તેણે અગાઉના તમામ રેકોર્ડ તોડ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩.૫૨ લાખથી વધુ કેસ નોંધાયા છે. એક જ દિવસમાં ૨૮૧૨ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩,૫૨,૯૯૧ નવા કોરોના દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસની સંખ્યા ૧,૭૩,૧૩,૧૬૩ થઈ છે. જ્યારે એક જ દિવસમાં ૨,૧૯,૨૭૨ લોકો રિકવર થયા છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ ૧,૪૩,૦૪,૩૮૨ લોકો રિકવર થયા છે. હજુ પણ દેશમાં ૨૮,૧૩,૬૫૮ દર્દીઓ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાએ ૨૮૧૨ લોકોનો ભોગ લીધો છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૧,૯૫,૧૨૩ પર પહોંચી ગયો છે. રસીકરણ અભિયાન હેઠળ ૧૪,૧૯,૧૧,૨૨૩ લોકોને અત્યાર સુધીમાં રસી આપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસની સુનામીથી સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. ઉદ્ધવ સરકાર દ્વારા એક મે સુધી લાગૂ કરવામાં આવેલ 'બ્રેક ધ ચેન' છતાં દરરોજ ૬૦ હજારથી વધુ કેસ સામે આવી રહ્યાં છે. રવિવારે મૃતકોની આંકડો ૮૦૦ને પાર પહોંચી ગયો છે. પરંતુ આ વચ્ચે મુંબઈમાં કોવિડના નવા કેસમાં થોડો ઘટાડો થયો છે, પરંતુ આ ઘટાડો એટલો મોટો પણ નથી કે તેને રાહત માનવામાં આવે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જારી આંકડા અનુસાર, મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૬,૧૯૧ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૬૧૪૫૦ લોકો સાજા થયા છે. તો મૃત્યુ પામનારની સંખ્યા ૮૩૨ રહી છે. દરરોજ રાજ્યમાં મૃતકોની સંખ્યા સતત વધી રહી છે, જેના કારણે સરકારની ચિંતા પણ વધી રહી છે. નવા કેસ બાદ રાજ્યમાં એક્ટિવ કેસ ૬,૯૮,૩૫૪ થયા છે. અત્યાર સુધી ૩૫,૩૦,૦૬૦ લોકો સાજા થયા છે. મૃત્યુઆંક વધીને ૬૪,૭૬૦ થયો છે. ગુજરાતમાં કોરોનાની સ્થિતિ ગંભીર છે. રાજ્યમાં રવિવારે નવા ૧૪૨૯૬ કેસ નોંધાયા. આ સાથે ૬૭૨૭ લોકો રિકવર પણ થયા. એક જ દિવસમાં રાજ્યમાં કોરોનાથી ૧૫૭ દર્દીઓના મૃત્યુ થયા છે. સૌથી વધુ કેસ અમદાવાદમાં ૫૮૬૪, ત્યારબાદ સુરતમાં ૨૧૦૩, વડોદરામાં ૭૬૦ અને રાજકોટમાં ૬૭૪ નવા દર્દીઓ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૪,૯૬,૦૩૩ પર પહોંચી છે. જ્યારે ૩,૭૪,૬૯૯ લોકો રિકવર થયા છે. હાલ રાજ્યમાં ૧,૧૫,૦૦૬ એક્ટિવ કેસ છે.

## ગુગલ ભારતને ૧૩૫ કરોડનું ફંડ આપશે

નવી દિલ્હી, તા. ૨૬

ભારતમાં કોરોનાની બીજી લહેરના કારણે હાહાકાર મચ્યો છે. આ સંજોગોમાં અમેરિકી ટેક કંપની ગૂગલે ભારતને કોવિડ-૧૯ સામે લડવા ૧૩૫ કરોડ રૂપિયાનું ફંડ આપવાની જાહેરાત કરી છે. ગૂગલના કહેવા પ્રમાણે આ ફંડ ગીવઈન્ડિયા અને યુનિસેફને આપવામાં આવશે.

## એડવોકેટ કનુસિંહજી લક્ષ્મણસિંહજી વાઘેલાના દુઃખદ અવસાનથી નગરજનોમાં ઘેરા શોકની લાગણી



ગાંધીનગર તા ૨૬

કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. વધતા સંક્રમણના આંકડા વચ્ચે મૃત્યુ આંક પણ વધ્યો છે. શહેરના અનેક નામી અને આશાસ્પદ યુવાનોએ પણ કોરોનાના લીધે જીવ ગુમાવ્યો છે. ગાંધીનગરના સે-૩ સી માં રહેતા અને સરગાસણના વતની કનુસિંહજી લક્ષ્મણસિંહજી વાઘેલા પણ કોરોનાથી સંક્રમિત થયા હતા જયારે છેલ્લા કેટલાક દિવસોથી તેમને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ તા ૨૩ એપ્રિલ ના રોજ તેમનુ દુખદ અવસાન થતા શહેરીજનોએ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. સાલસ, નિખાલસ અને સેવાભાવી વ્યકિત્વ ધરાવતા કનુસિંહ વકીલાત ક્ષેત્રે પણ તેજસ્વી કારર્કિદી ધરાવતા હતા. તેમની અણધારી વિદાયના લીધે સે-૩ સી કલ્ચરલ સ્કવેરના રહીશો તેમજ સરગાસણના ગ્રામજનો સહીત વકીલઆલમમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે. સ્વ કનુસિંહજી ના પિતા લક્ષ્મણસિંહ માધુજી, પુત્ર મયુરધ્વજસિંહજી વાઘેલા,ભાઈ પ્રવિણસિંહજી ભવાનસિંહજી ,ફતેસિંહજી જવાનસિંહજી વાઘેલા અને વિક્રમસિંહજી નટવરસિંહજી વાઘેલા સહીત સમસ્ત વાઘેલા માધુજી બાવાજી પરિવાર શોકમગ્ન બન્યો છે. સ્વ કનુસિંહજી એક સફળ વકીલ હોવાની સાથે નિખાલસ વ્યકિત્વ ધરાવતા હતા હરહંમેશ અન્યને મદદ કરવાની તેમની ભાવના અને સેવાકાર્યોના લીધે તેમણે નગરજનોના હ્રદયમાં અનોખુ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. સે-૩ સી ના રહીશોએ પણ તેમના અવસાન બદલ ઘેરા શોક સાથે દુખની લાગણી વ્યકત કરી છે.

# ભારતે જે રીતે અમારી મદદ કરી તે રીતે અમે મદદ કરીશું : બાઈડન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઇડન અને ઉપ-પ્રમુખ કમલા હેરિસે ભારત અને દેશના નાગિરકોની કોવિડની બીજી લહેર વચ્ચે મદદ કરવાનું આશ્વાસન આપ્યું છે. અમેરિકાના શીર્ષ નેતૃત્વ તરફથી આ મામલે ટ્વીટ કરવામાં આવ્યું છે. જો બાઇડને ટ્વીટ કરીને લખ્યું છે કે, અમેરિકા કોરોના વાયરસના સંકટ સામે લડવા માટે ઉપયોગી સ્વાસ્થ્ય સુવિધાઓ પૂરું પાડતું રહેશે. બાઇડને ટ્વીટ કર્યું છે કે, જેવી રીતે ભારતે ખરા સમયે કોરોના સંકટમાં અમેરિકાની મદદ કરી હતી તેવી જ રીતે અમે ભારતની મદદ કરવા માટે દ્રઢ છીએ. જો બાઇડન ઉપરાંત અમેરિકાના ઉપ-પ્રમુખ કમલા હેરિસે પણ ટ્વીટ કરીને ભારતને મદદની ખાતરી આપી છે. તેમણે ટ્વીટ કર્યું છે કે, "મદદની સાથે સાથે અમે ભારતના નાગરિકો અને ખાસ કરીને સાહસિક સ્વાસ્થ્યકર્મીઓ માટે પ્રાર્થના કરીએ છીએ. ઉલ્લેખનીય છે કે ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર વચ્ચે અમેરિકાના શીર્ષ નેતૃત્વ તરફથી આ પ્રથમ પ્રતિક્રિયા છે. ઉપ-વિદેશ મંત્રી વેન્ડી શરમને કહ્યું છે કે, તેઓ આ મુદ્દે હાલના દિવસોમાં વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલા અને અમેરિકામાં ભારતના રાજદૂત તરણજીતસિંહ સંધૂના સંપર્કમાં છે.



**બેસણુ**



**સ્વ.મુક્તાબેન દ્વારકાદાસ પટેલ**

સ્વ.તા.૨૪-૦૪-૨૧, શનિવાર

અમારા માતૃશ્રી મુક્તાબેન દ્વારકાદાસ પટેલનું તા.૨૪-૪-૨૧, શનિવારના રોજ દુઃખદ અવસાન થયું છે. પ્રભુને ગમ્યુ તે ખરું. તેમનું ટેલિફોનિક બેસણું તા. ૨૭-૪-૨૧, મંગળવારના રોજ રાખેલ છે.

લિ.

| | |
|---|---|
| કિરીટભાઈ ડી. પટેલ (પુત્ર) | રેણુકાબેન કિરીટભાઈ પટેલ (પુત્રવધુ) |
| સુરેશભાઈ ડી. પટેલ (પુત્ર) | ગીતાબેન સુરેશભાઈ પટેલ (પુત્રવધુ) |
| અંજુબેન આર. પટેલ (પુત્રી) | રાજેન્દ્રભાઈ પટેલ (જમાઈ) |
| વિરલ વી. બોચ્ચા (પૌત્રી) | હીરલ કે. પટેલ (પૌત્રી) |
| હેવન કે. પટેલ (પૌત્ર) | હર્ષ એસ. પટેલ (પૌત્ર) |
| ગૌરવ આર. પટેલ (દોહિત્ર) | બોની આર. પટેલ (દોહિત્ર) |

ફોન નં. ૯૮૯૮૮ ૧૩૭૭૬ ● ૯૯૭૪૯ ૪૧૩૧૬






**સ્વ. વિજયભાઈ હીરાલાલ સથવારા**
સ્વ. તા. ૨૫-૦૪-૨૦૨૧

લિ.
**સાંઈ ભક્ત પરિવાર**

| | |
|---|---|
| માનાજી મારવાડી | પરેશ કોઠારી |
| મોહનભાઈ ખેમચાણી | સ્નેહીત ભાવસાર |
| ચતુરભાઈ સોલંકી | પાર્થ ઠક્કર |

## શોક સંદેશ



શ્રી ટી.ડી. સોયંતર IAS, નિવૃત્ત એડિશનલ ચિફ સેક્રેટરી, રેવન્યુ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકારનું તા.૧૮–૪–૨૦૨૧ રવિવારના રોજ દુઃખદ અવસાન થયું છે. મર્હૂમ ૯૦વરસના હતા.

ગાંધીનગર ડેમોક્રેટિક પીપલ્સ અસોસિએશનની સ્થાપના સને ૧૯૯૯ મા તેમના અધ્યક્ષસ્થાને થઈ હતી. તેઓ ગરીબોના પ્રશ્નો અંગે અસોસિએશનને દોરવણી આપતા રહયાં હતા. વળી, તેઓ રેડિકલ હ્યુમનિઝમ તથા માર્કિસઝમના ઊંડા અભ્યાસી હોઈ, ગુજરાતના બૌધ્ધિકોમાં માનભર્યુ સ્થાન ધરાવતા હતા. તેમના અવસાનથી અસોસિએશને એક બૌધ્ધિક ફિલોસફર અને ગાઈડ ગુમાવ્યાં છે. તેટલું જ નહિ પણ ગુજરાતે એક બૌધ્ધિક માકર્સિસ્ટ ગુમાવ્યાં છે. તેમના અવસાનથી થયેલ ખોટ સહન કરવાની તેમના કુટુંબને ઈશ્વર શકિત આપે અને મર્હૂમના જીવાત્માને મુકિત મળે તેવી પ્રાર્થના.

લી. બી.પી. પરમાર
પ્રમુખ, ડેમોક્રેટિક પીપલ્સ અસોસિએશન, ગાંધીનગર.

**TV રીપેરીંગ**
ગાંધીનગર માટે
LED TV, LCD
TV રીપેરીંગ માટે
ફોન કરો.
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

**ઘરમાં રહો સુરક્ષિત રહો**



**FIGHT CORONA** M. 90998 72551
**સેનેટાઈઝ સર્વિસ**
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

